# વિરાટ કોહલીને મળવા ક્રેઝી ફેન ૬ ફૂટની રેલિંગ કૂદ્યો:નિરંજન શાહ સ્ટેડિયમમાં ગળે ભેંટીને થયો ભાવુક

## દિવસે પતંગની અને સાંજ પડતા ડાન્સ-ગરબાની રમઝટ,પવનનો સાથ મળતા પતંગરસિકોને મોજ પડી ગઈ



તસવીર : દિલિપ ગોહેલ







રાજકોટ:રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં આજે ભારત-ન્યૂઝીલેન્ડની મેચ દરમિયાન એક અજુગતી ઘટના ઘટી હતી. વિરાટ કોહલીને પોતાની નજીક જોઈને જામનગરનો ૧૫ વર્ષીય ક્રેઝી ફેન પોતાની લાગણીઓને કાબૂમાં ન રાખી શક્યો અને સ્ટેડિયમની ૬ ફૂટ ઊંચી રેલિંગ કૂદીને પોતાના ફેવરિટ ક્રિકેટરને મળવા માટે ગ્રાઉન્ડ પર પહોંચી ગયો હતો. ગ્રાઉન્ડમાં વિરાટ કોહલી પાસે પહોંચીને તે તુરંત જ તેને ગળે ભેંટીને ભાવુક થઈ ગયો હતો. જોકે, આ ઘટના સ્ટેડિયમના સ્ટાફની નજરમાં આવતા તુરંત જ તે યુવકને ગ્રાઉન્ડમાંથી દૂર લઈ ગયા હતા.૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ભારત વિરુદ્ધ ન્યૂઝીલેન્ડની બીજી વન-ડે મેચ રમાઈ હતી, જેણે મકરસંક્રાંતિના તહેવારમાં મેચરસિકોને મૂંઝવણમાં મૂકી દીધા હતા કે તે સ્ટેડિયમમાં જઈને મેચ જુએ કે પછી ધાબે ચડીને પતંગ ચગાવે. જોકે, રાજકોટમાં પતંગોની ઉડાન, ઉંધિયું-ચપ્પડી અને ક્રિકેટનો જુસ્સો એકસાથે જોવા મળે છે, પરંતુ તહેવારના કારણે ક્રિકેટરસિકો ધીમે-ધીમે સ્ટેડિયમ તરફ આવ્યા હતા. સવારે ૧૨.૫૦ વાગ્યા સુધીમાં માત્ર ૬થી ૭ હજાર પ્રેક્ષકો હાજર થયા હતા, જ્યારે બપોરે ૪.૪૫ વાગ્યા સુધીમાં આ સંખ્યા ૨૦,૦૦૦ પહોંચી ગઈ હતી. તેમ છતાં, ઉત્તરાયણની ઉજવણી અને પતંગબાજીના આકર્ષણને કારણે સ્ટેડિયમ હાઉસફુલ થઈ શક્યું નહીં. પોલીસે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે અને દરેક પ્રેક્ષકનું ચેકિંગ કરીને જ પ્રવેશ આપવામાં આવ્યો, જેથી મેચ સુરક્ષિત અને રોમાંચક રહે.

ગુજરાતીઓએ આજે ઉત્તરાયણના પર્વને મનભરીને માણ્યો. સવારના સમયે થોડા કલાક 'ઠંડો' માહોલ દેખાયો પણ ૧૦ વાગ્યા બાદ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતના શહેરોના આકાશમાં રંગબેરંગી પતંગોનું રાજ જોવા મળ્યું. ધાબા પર દિવસભર 'કાઈપો છે'ની બૂમો વચ્ચે લોકોએ પતંગ ચગાવવાની મજા લીધી. પતંગની સાથે ધાબા પર ઊંધિયું, ફાફડા અને જલેબીની લિજ્જત માણી.

# રાજકોટમાં લોહિયાળ બન્યો ઉત્તરાયણનો તહેવાર

## પ્રેમ પ્રકરણમાં મહિલાએ અન્ય શખસો સાથે મળી જાહેરમાં છરીના ૮ ઘા ઝીંકી યુવકને મોતને ઘાટ ઉતાર્યો



રાજકોટ:રાજકોટમાં મકરસંક્રાંતિનો તહેવાર લોહિયાળ બન્યો છે. શહેરના ભક્તિનગર સર્કલ પાસે આવેલા સહકાર રોડ ઉપર યુવકને એક મહિલા અને તેની સાથેના અન્ય શખસો દ્વારા છરીના ૮ ઘા મારી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. હત્યાની ઘટના બનતા જ ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પ્રેમ પ્રકરણ અને જૂની અદાવતમાં યુવકની હત્યા કરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ મયુરધ્વજસિંહ સરવૈયાએ જણાવ્યું હતું કે, શહેરના ભક્તિનગર સર્કલ પાસે આવેલા સહકાર રોડ ઉપર રહેતા સાવન ગોસ્વામી નામના ૪૫ વર્ષના યુવકને છરીના ઘા મારી દેવામાં આવ્યા હતા. જેથી લોહીલુહાણ હાલતમાં તેને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, તબીબોએ તપાસી ગંભીર રીતે ઘાયલ આ યુવકને મૃત જાહેર કર્યો હતો.હત્યાની ઘટનાની જાણ થતા જ ભક્તિનગર પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. જે દરમિયાન પોલીસે કરેલી તપાસમાં સામે આવ્યું હતું કે, આ યુવકની જૂની અદાવત અને પ્રેમ પ્રકરણમાં હત્યા કરવામાં આવી હતી. એક મહિલા અને તેની સાથેના અન્ય શખસો દ્વારા યુવકને છરીના ઘા મારવામાં આવ્યા હતા.મૃતક યુવક પોતે જ ઝઘડો કરવા મહિલા પાસે ગયો હતો અને આ દરમિયાન મહિલાએ અન્ય શખસો સાથે મળી તેને મોટને ઘાટ ઉતારી દીધો હતો. જેથી પોલીસે મહિલા અને તેની સાથેના શખસોને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.ACP બી.વી.જાધવે જણાવ્યું હતું કે, રાજકોટના ભક્તિનગર પોલીસ મથક વિસ્તારમાં આવેલા સહકાર મેઈન રોડ પર યુવાનની હત્યાની ઘટના સામે આવી છે. પ્રાથમિક માહિતી મુજબ પ્રેમપ્રકરણમાં હત્યા થઈ હોવાનું સામે આવ્યું છે.

# ગોંડલમાં ઉત્તરાયણે ધિંગાણું, એકનું મોત

ગોંડલ:રાજ્યભરમાં જ્યારે મકર સંક્રાંતિની ઉજવણી થઈ રહી હતી, ત્યારે ગોંડલના ભગવતપરા ગેઈટ વાળી શેરીમાં માતમ છવાઈ ગયો હતો. પતંગ ચગાવવા જેવી નજીવી બાબતે એક જ જ્ઞાતિના બે પક્ષો સામસામે આવી જતાં તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ સંઘર્ષમાં એક યુવાનની હત્યા થતા તહેવારનો આનંદ શોકમાં ફેરવાયો હતો.મકર સંક્રાંતિના દિવસે ભગવતપરામાં બે પરિવારો પોતપોતાના મકાનની અગાસી પર પતંગ ચગાવી રહ્યા હતા. આ દરમિયાન કોઈ અગમ્ય કારણોસર બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. વિવાદ એટલો વકર્યો કે બંને પક્ષના લોકો લાકડી અને તીક્ષ્ણ હથિયારો સાથે શેરીમાં ઉતરી આવ્યા હતા.





## બે પરિવારોનો લાકડી અને તીક્ષ્ણ હથિયારો લઈ સામસામે હુમલો, ઘાયલોને લઈ જતાં હોસ્પિટલે ભીડ, પોલીસ દોડી ગઈ

આ હિંસક અથડામણમાં કુલ ૪ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાં ગંભીર રીતે ઘવાયેલા અનિલ પૂંજા લુણસિયા (ઉંમર ૩૦)ને વધુ સારવાર માટે રાજકોટ રિફર કરવામાં આવ્યા હતા, પરંતુ હોસ્પિટલ પહોંચતા પહેલા જ રસ્તામાં તેમનું મોત નીપજ્યું હતું.અન્ય ઈજાગ્રસ્તો :કાંતિભાઈ ઉકાભાઈ મકવાણા (ઉંમર ૫૦),સાગરભાઈ કાંતિભાઈ મકવાણા (ઉંમર ૨૩),સુનિલભાઈ કાંતિભાઈ મકવાણા (ઉંમર ૨૫)

બનાવ બાદ જ્યારે બંને પક્ષના ઈજાગ્રસ્તોને સારવાર માટે ગોંડલ સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા, ત્યારે ત્યાં પણ સ્થિતિ તંગ બની હતી. હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં બંને પક્ષો ફરી એકવાર આમને-સામને આવી જતાં ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. મોટી સંખ્યામાં લોકોના ટોળા એકઠા થઈ જતાં હોસ્પિટલ તંત્ર અને સુરક્ષા વ્યવસ્થા પર દબાણ વધ્યું હતું.ઘટનાની જાણ થતા જ ગોંડલ શહેર છ ડિવિઝન અને B ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક હોસ્પિટલ અને ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે હોસ્પિટલમાંથી ભીડને વિખેરી પરિસ્થિતિ પર અંકુશ મેળવ્યો હતો.

# પુનર્લગ્ન વગર સાથે રહેતી વિધવાને ગળેટૂંપો દઈ મોતની ઘાટ ઉતારી દીધી

## જેતપુર ગત તા.૧૦મીએ મળેલી લાશનો ભેદ ઉકેલાયો

જેતપુર: અહી રબારિકા રોડ પર ડાઈગના કારખાનામાં ઓરડીમાં પુનર્લગ્ન વગર રીલેશનશીપમાં રહેતી વિધવાની સાથે બોલાચાલી થયા બાદ પુરૂષ મિત્રે ગળાટૂંપો દઈ મોતને ઘાટ ઉતારી દીધા બાદ લાશને કારખાનાની દીવાલ પાસે ફેંકી દેવાતા પોલીસને આ લાશ મળી આવી હતી જેનો ભેદ ત્રણ દિવસ બાદ ઉકેલાઈ ગયો છે.રબારિકા રોડ પર ઉદ્યોગનગર વિસ્તારમાં સગુણા પ્રિન્ટ નામના ડાઈગ કારખાનામાં કામ કરતા ગજાધરસિંહ ઉર્ફે મામુ નામના શખ્સે લગ્ન વગર પત્ની તરીકે રહેતી અનિતાબેન રાઠોડ નામની ચાલીસ વર્ષીય મહિલાની હત્યા કર્યાનું બહાર આવ્યું છે. કારખાનાના માલિક અને શ્રમિકોના કહેવા મુજબ અનિતાબેન અને ગજાધરસિંહ તાજેતરમાં જ કામે આવ્યા હતા. તેમને રહેવા માટે ઓરડી આપવામાં આવી હતી. કારખાનામાં અન્ય મજૂરો તેમને મામા મામી કહીને બોલાવતા હતા. ગત તા. ૧૦ના રોજ અનિતાબેન દેખાયા ન હોવાથી ગજાધરસિંહને પૂછતા તેણે ગોળ ગોળ જવાબો આપ્યા હતાં .જો કે પોલીસ તપાસમાં કારખાનાની દીવાલ પાછળ આવેલી ખુલ્લી ઓરડીમાંથી લાશ મળી આવી હતી. પોલીસ આવતા જ ગજાધર ભાગી ગયો હતો. જેને પકડવા જુદી જુદી ટીમો બનાવી દબોચી લીધો હતો. પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યુ હતુંકે છેલ્લા ચારવર્ષથી રહેતા આ યુગલ વચ્ચે અવારનવાર ઝઘડા થતાં હતા. હત્યાના બનાવની રાતે પણ ઉગ્ર બોલાચાલી થયા બાદ ઉશ્કેરાયેલા પુરૂષ મિત્રે અનિતાને ગળાટૂંપો દઈ મોતને ઘાટ ઉતારી દીધી હતી. આ બાબતમાં સુરત રહેતા મહિલાના ભાઈ જયેશભાઈ રાઠોડે ફરિયાદ નોંધાવી છે. વિશેષમાં તેની બહેન અનિતાના પતિના અવસાન બાદ તે ગજાધરસિંહ સાથે રહેતી હતી.

# પિતા-દાદા ખેતી ધરાવતા હોવા છતાં બે પુત્રએ ખાતેદારનો દરજ્જો ગુમાવ્યો!

રાજકોટ:ખેડૂત ખાતેદારનો દરજ્જો મેળવવા માટે અનેક ત્રાગા રચી કોઈપણ ભોગે ખેતીની જમીન ખરીદનાર વર્ગ બહુ મોટો છે ત્યારે મિલીભગતથી ખેડૂત ખાતેદાર બની જવાના અનેક કિસ્સાઓ સામે આવી રહ્યા છે. રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકામાં પણ આવા જ એક કિસ્સામાં ૬૩ વર્ષથી એટલે કે, બાપદાદાના સમયથી ખેતીની જમીન ધરાવતા બે ભાઈઓએ પોતાની વડીલોપાર્જિત ખેતીની જમીન વેચી નાખ્યા બાદ ખેડૂત ખાતેદાર હોવાનું પ્રમાણપત્ર મેળવવા જતા પ્રાંત અધિકારીની ખરાઈમાં બન્ને ભાઈઓ પ્રમોલગેશનથી ખેડૂત ન હોવાનું સામે આવતા અરજી ફાઈલ કરી દેતા પ્રાંત અધિકારી ગ્રામ્યના નિર્ણય સામે કલેક્ટર સમક્ષ અપીલ કરતા જિલ્લા કલેક્ટરે ખાતેદાર પ્રમાણપત્ર માટે પ્રમોલગેશનથી ખેડૂતનો દરજ્જો જરૂરી હોવાનું નોંધી અપીલ ફગાવી દઈ પ્રાંત અધિકારીનો ચુકાદો યથાવત્ રાખવા હુકમ કર્યો હતો.ખેડૂત ખાતેદાર પ્રમાણપત્ર માટેના આ કેસની વિગત જોઈએ તો લોધિકા તાલુકાના છાપરા ગામે રહેતા અને કોઠા પીપળિયા ગામે ખેતીની જમીન ધરાવતા પ્રવીણભાઈ કાનજીભાઈ પંચાસરા અને નરેન્દ્રભાઈ કાનજીભાઈ પંચાસરાએ વર્ષ ૨૦૨૩માં જમીન વેચાણ કરી હોવાથી ખેડૂત ખાતેદાર રહેતા ન હોવાથી ખેડૂત ખાતેદાર પ્રમાણપત્ર મેળવવા અરજી કરતા પ્રાંત અધિકારી દ્વારા ખરાઈ કરવામાં આવતા અરજદારોના દાદા હરજીવન માધવજી પંચાસરાએ જામનગર જિલ્લાના હાડાટોડા ગામે ૧૯૬૦માં એટલે કે, પ્રમોલગેશન પહેલાં વેચાણથી જમીન ખરીદી હોવાનું સામે આવતા ખેડૂત ખાતેદારની અરજી ફાઈલ કરી દીધી હતી. જેની સામે અરજદારોએ જિલ્લા કલેક્ટર સમક્ષ અપીલ કરી હતી.

અપીલ દરમિયાન અરજદારો ૬૩ વર્ષથી ખેતીની જમીન ધરાવતા હોવાના પુરાવા રજૂ કરવાની સાથે તેમના દાદા ખેતમજૂર હોવાના નાતે હાડાટોડા ગામે જે ગિરાસદારની જમીન ભાગમાં વાવતા હતા તે જમીન ખેતમજૂર દરજ્જે ખરીદી હોવાની દલીલ કરી હતી. જોકે કેસ દરમિયાન અરજદારો ખેતમજૂર હોવાના પુરાવા રજૂ નહીં કરી શકતા જિલ્લા કલેક્ટરે ખાતેદાર પ્રમાણપત્ર માટે પ્રમોલગેશનથી ખેડૂતનો દરજ્જો જરૂરી હોવાનું નોંધી અપીલ ફગાવી દઈ પ્રાંત રાજકોટ ગ્રામ્યનો ચુકાદો યથાવત્ રાખ્યો હતો.૬૩ વર્ષમાં રેવન્યુ અધિકારીઓએ નોંધ પડકારી ન હોવાની બન્ને અરજદારોની અપીલ પણ ફગાવી દીધી

ખેડૂત ખાતેદાર પ્રમાણપત્ર મેળવવાના આ કેસમાં અરજદારોના વકીલે દલીલ કરતા જણાવ્યું હતું કે, અરજદારો પેઢી, દર પેઢીથી ખેતીની જમીન ધરાવે છે સાથે જ ઉત્તરોત્તર વારસાઈ નોંધ પડી હોવા છતાં ખેડૂત ખાતેદાર હોવાના મામલે રેવન્યુ અધિકારીઓ દ્વારા ૬૩ વર્ષ દરમિયાન તકરાર લેવામાં આવી ન હોવાની સાથે ગુજરાત સરકારના ઘરખેડ ઓર્ડિનન્સની કલમ ૫૪ તેમજ સરકારના પરિપત્ર ૨૦૦૯ની જોગવાઈ અને હાઈકોર્ટના ચુકાદા રજૂ કરવા છતાં આ કેસમાં પ્રમોલગેશનથી ખેડૂત ખાતેદાર ન હોવાના કારણે બન્ને અરજદારોની અપીલ ફગાવી દેવામાં આવી હતી.

# હોટલમાં કૂટણખાનાના સમાચારો પ્રસિધ્ધ કરાવ્યાની શંકા પરથી હુમલો

## હોટલ સંચાલક બંધુઓ સહિત ત્રણ સામે ગુનો નોંધાયો

રાજકોટ: હોટલમાં કૂટણખાનુ ચાલતું હોવાના અહેવાલો પ્રસિધ્ધ કરાવ્યાની શંકા પરથી હોટલમાં કામ કરતાં વિજય કરશનભાઇ ગોજિયા (ઉ.વ.૨૫, રહે. મૂળ પ્રેમસર ગામ, તા. કલ્યાણપુર) ઉપર ત્રણ આરોપીઓએ હોકી અને પાઈપ વડે હુમલો કર્યાની એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે.જેમાં વિજયે જણાવ્યું છે કે તે હાલ હોટલ મૂનમાં નોકરી કરે છે. હોટલનું કામકાજ તે અને મેનેજર ગૌરાંગ સંભાળે છે. તેના શેઠ ભાવેશભાઈ હાલ ગોવા ફરવા ગયા છે. સોશિયલ મીડિયાના પેઈજ ઉપર મીલપરાની એચ.આર. કિંગ હોટલમાં કૂટણખાનુ ચાલતા હોવાના સમાચારો પ્રસિધ્ધ થયા હતાં.જે સમાચારો તેના શેઠે પ્રસિધ્ધ કરાવ્યાની શંકા પરથી એચ.આર. કિંગ હોટલના હીરેન પ્રજાપતિએ તેના શેઠને કોલ કર્યો હતો. જેથી તેના શેઠે તેને હીરેનને મળી પોતે સમાચાર પ્રસિધ્ધ નહી કરાવ્યાનું કહેવા માટે કહ્યું હતું. જેથી ગઈકાલે રાત્રે નવેક વાગ્યે તે હીરેનને મળવા તેની હોટલે ગયો હતો. જ્યાં તેની સમક્ષ તેના શેઠે સમાચારો પ્રસિધ્ધ નહીં કરાવ્યાનો ખુલાસો કર્યો હતો.આ વખતે હીરેન અને તેના ભાઈ મયુરે તેની સાથે બોલાચાલી કરતાં તે ભાગી પેલેસ રોડ પરના ટી સ્ટોલે પહોંચ્યો હતો. રાત્રે દસેક વાગ્યે તેની હોટલના મેનેજર ગૌરાંગે તેને કોલ કરી ત્રણ અજાણ્યા શખ્સો હોટલે આવી તેને બોલાવતા હોવાનું કહેતા તે હોટલે જવા રવાના થયો હતો. હોટલ નજીક પહોંચતાં ત્યાં અગાઉથી હીરેન, તેનો ભાઈ અને મયુર અને વિશાલ નેપાળી હોકી અને પાઈપ સહિતના હથિયારો સાથે ઉભા હતાં. તેને જોઇ તેની ઉપર આ હથિયારોથી તૂટી પડયા હતાં. જેને કારણે તેના માથામાં લોહી નીકળવા લાગ્યું હતું. તેના પરિચિત અને અન્ય લોકો ભેગા થઇ જતાં ત્રણેય આરોપીઓ ભાગી ગયા હતાં.

# રાજકોટના દૂધના ધંધાર્થીએ ખંભાળાના ભાઈ-બહેનનાં ત્રાસથી આપઘાત કર્યો હતો

## જામ કંડોરણાના સાતોદડ ગામ પાસે ઝેર પી જિંદગી ટુંકાવી હતી

રાજકોટ: રાજકોટનાં રેલ નગર વિસ્તારમાં શ્યામજી કૃષ્ણ વર્મા ટાઉનશીપમાં રહેતા દૂધનાં ધંધાર્થી નીલેશભાઇ શાંતીભાઇ હિડોચા નામના આધેડે ગઇ તા.૧૮-૪નાં જામકંડોરણાના સાતોદડ ગામ પાસે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. જે અંગે મૃતકના પત્ની કાજલબેન (ઉ.વ.૪૫)એ પડધરીનાં ખંભાળા ગામે રહેતા જયદીપ મનજીભાઇ પાંચાળી અને તેના બહેન ધર્મિષ્ઠાબેન સામે ત્રાસ આપી મરવા મજબૂર કર્યાની જામકંડોરણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

કાજલબેને પોલીસને જણાવ્યું કે, તેના પતિ નીલેશભાઇએ ભાર્ગવ ભદ્રા (રહે. રેલનગર) અને પુર્વીબેન ત્રીવેદી (રહે. ગાંધીગ્રામ) સાથે દૂધનો પ્લાન્ટ શરૂ કરવા માટે ખંભાળા રહેતા આરોપી જયદીપનું મકાન રૂા.૧૫ હજાર લેખે ભાડે રાખ્યું હતું. જે મકાનમાં દૂધનો પ્લાન્ટ ફીટ કરી તે દૂધની બનાવટોનું વેચાણ કરતા હતા. ૨૦૨૪માં ફેબ્રુઆરીમાં નીલેશભાઇએ આરોપીઓ પાસેથી રૂા.૨ લાખ બે માસ માટે ઉછીના લીધા હતા.હોળીનાં તહેવારમાં પૈસાની ઉઘરાણી કરાતા તેણે બંને આરોપીઓને દૂધનાં પ્લાન્ટે બોલાવી રૂા. ૧ લાખ રોકડા આપ્યા હતા. જ્યારે ૧ લાખ બાકી હતા. આ સમયે ધર્મિષ્ઠાબેને તેના પતિનો ફોટો બતાવી તેને જણાવ્યું હતું કે નીલેશભાઇ મારા પતિએ મૈત્રી કરાર કરી લીધો છે જેથી તેને મારી નાખવો છે મારવાનું કામ તમારે કરવાનું છે. આપણે એક્સીડન્ટનો પ્લાન બનાવી મારી નાખવો છે બાકી બધુ હું જોઇ લઇશ. હું તમને કઇ નહી થવા દવ. મારા પતિનો એક કરોડનો વીમો છે હું તમને ભાગ પણ આપીશ તેમ કહ્યું હતું. આ સમયે ત્યાં હાજર કાજલબેને પતિ નીલેશભાઇને આવુ કઇ ન કરવાનું કહ્યું હતું. ત્યાર બાદ ધર્મિષ્ઠાબેન તેના પતિને અવાર નવાર ફોન કરતા તે સતત ચિંતામાં રહેતા હતા. માર્ચ ૨૦૨૪ માસમાં નીલેશભાઇનાં માતાનું અવસાન થતા તે ત્યાં ગયા હતા આ સમયે પણ ધર્મિષ્ઠા તેને ફોન કરતી હતી જેથી તે ફોન ઉપાડતા ન હોવાથી ધર્મિષ્ઠાએ તેના પ્લાન્ટે જઇ મકાનને તાળુ મારી દીધુ હતું. ત્યારબાદ એક દીવસ રાત્રે તે આરોપીના ઘરે જતા બંને આરોપીને અમારો ધંધો બંધ છે તમે મકાનને તાળુ મારી દીધુ છે સમયસર ભાડાની રકમ પણ આપીએ છીએ તેમ કહેતાં આરોપીઓએ હીસાબ ફરીથી કરવો પડશે તેમ જવાબ આપ્યો હતો. આથી નીલેશભાઇએ જો તમે તાળુ નહી ખોલો તો મારે દવા પીવાનો વારો આવશે તેમ કહેતાં આરોપીએ તો મરી જવાય અમારે શું તેમ કહીં દેતા ગઇ તા.૧૮-૪નાં ઘરે વકીલ પાસે જાઉ છું કહીને નીકળ્યાં બાદ નીલેશભાઇએ તેને, તેના ભાગીદાર અને પુત્રીને વોટ્સએપમાં સ્યુસાઇડ નોટ મોકલી હતી.બીજી તરફ ફોન બંધ આવતો હોવાથી શોધખોળ શરૂ કરી હતી. થોડા સમયબાદ નીલેશભાઇએ પુત્રીને વિડીયો કોલ કરતા તેની પુત્રીએ ક્યાં છો તેમ પુછતાં તેણે હું ઘરે નહી આવું મે ધર્મીષ્ઠા અને તેના ભાઇ જયદીપનાં માનસીક ત્રાસનાં કારણે ઝેરી દવા પી લીધી છે. આ સમયે વિડીયો કોલમાં સાતોદડ ગામે પાસેનું મંદીર દેખાતુ હોવાથી પરિવારજનો ત્યાં પહોચ્યાં હતા અને નીલેશભાઇને સારવાર માટે હોસ્પિટલે ખસેડાતા તેનું મૃત્યુ નીપજ્યું હતું.

# રાજકોટમાં બાથરૂમમાં પડી જતાં વૃદ્ધનું અને બેભાનાવસ્થામાં નિવૃત્ત ASI સહિત ૪નાં મોત

રાજકોટ:શહેરમાં ચાર અલગ-અલગ ઘટનાઓમાં બે વૃદ્ધ, એક પ્રૌઢ અને એક બાળકીનું મૃત્યુ થતાં પરિવારોમાં શોક છવાઇ ગયો હતો. મોરબી રોડ પર કૈલાસ પાર્ક-૨માં રેહતા નારણભાઇ ગગજીભાઈ વાઘાણી (ઉં.વ.૭૫) ઘરે બાથરૂમમાં પડી જતાં બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા, પરંતુ અહીં મૃત્યુ થયું હતું. તેઓને સંતાનમાં બે દીકરા છે. પોતે બહુમાળી ભવનના નિવૃત્ત પ્યૂન હતા.

બીજા બનાવમાં પ્રહલાદ પ્લોટ-૭માં રહેતાં અરવિંદભાઇ ગોપાલભાઈ વિરાણી(ઉં.વ.૫૦) ઘરે સીડી પરથી ઉતરતી વખતે પડી જતાં બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં, પરંતુ અહીં મૃત્યુ થયું હતું. તે એક બહેન અને બે ભાઈમાં નાના હતા. સંતાનમાં એક દીકરી છે.

ત્રીજા બનાવમાં સંત કબીર રોડ રાજારામ સોસાયટી-૪માં રહેતાં હર્ષદભાઈ બાવાલાલ મોરણિયા (ઉ.વ.૬૭) બીમારીથી ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા, પરંતુ અહીં મૃત્યુ થયું હતું. તેઓ નિવૃત્ત એએસઆઇ હતા. સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે.

ચોથા બનાવમાં દેવપરા અંકુર સોસાયટી મેઈન રોડ પર રહેતાં આરિફભાઇ દરજીની દીકરી અનમ(ઉ.૬ મહિના) ઘરે શ્વાસ ચડતાં બેભાન થઇ જતાં હોસ્પિટલમાં ખસેડાઇ હતી, પરંતુ મૃત્યુ થયું હતું.આ બનાવોમાં બી-ડિવિઝન, એ-ડિવિઝન, થોરાળા અને ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી.

# શેરીમાં ઘોડા ચલાવવા બાબતે જસદણના રાણીગપુર ગામમાં બે જૂથ વચ્ચે ધીંગાણું

## ૨૫ જણાએ ત્રણ લોકો પર કર્યો હુમલો

રાજકોટ:રાજકોટના જસદણમાં ઉત્તરાયણના દિવસે એક જ સમાજના બે જૂથ સામ સામે આવી જતાં સ્થિતિ તંગ બની હતી. રાણીગપુર ગામમાં બનેલી આ ઘટનામાં ત્રણ લોકો પર ૨૦ થી ૨૫ લોકોના ટોળાંએ તીક્ષ્ણ હથિયારોથી ઘાતકી હુમલો કર્યો હતો, પ્રાથમિક માહિતી મુજબ ભોજપુરી અને ગુંદા ગામના લોકોએ હુમલો કર્યો હોવાની શંકા છે. જસદણના ભાડલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ બનાવ બન્યો છે, રાજકોટના જસદણ તાલુકાના રાણીગપર ગામથી સાતેક કિમી દૂર સુરેન્દ્રનગર જિલ્લાનું ભોજપરી અને ગુંદા ગામ આવેલું છે. અલગ અલગ ગામના પણ એક જ સમાજના લોકો વચ્ચે જૂથ અથડામણ થઈ હતી, જેનું કારણ શેરીઓમાં ઘોડા ચલાવવા બાબતે માથાકૂટ હોવાનું ચર્ચાઇ રહ્યું છે.

જૂથ અથડામણ થતાં ત્રણેય લોકોને શરીરમાં ગંભીર ઈજા પહોંચી છે, રાણીગપર ગામના ઈજાગ્રસ્તો રમેશ જેમાભાઈ મકવાણા, વિપુલ જેમાભાઈ મકવાણા તેમજ વિજય રમેશભાઈ મકવાણાને ૧૦૮ને બોલાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાલ તો શેરીઓમાં ઘોડા ચલાવવા બાબતે બબાલ થયાનું અનુમાન છે પણ ભાડલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાતા તપાસનો ધમધમાટ શરૂ થયો છે. જેમાં સાચું કારણ સામે આવશે.